# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજ દ્વારા કિચન ગાર્ડનના બહોળા પ્રસાર પ્રચાર માટે તાલીમનું આયોજન તથા બિયારણનું વિતરણ</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજ દ્વારા **તા. ૨૨/૦૭/૨૦૨૨** ના રોજ ધંધુકા શહેર તથા ધંધુકા તાલુકાના વાસણા ગામની ખેડૂત બહેનોમાં કિચન ગાર્ડનને પ્રોત્સાહિત કરવા માટે વાસણા ગામ ખાતે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં શ્રીમતી એચ. એચ. ચાવડા, વૈજ્ઞાનિક (ગૃહ વિજ્ઞાન) એ કિચન ગાર્ડનનું મહત્વ સમઝાવી કિચન ગાર્ડન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ડો. નિતિન પટેલ, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) એ કિચન ગાર્ડન માટે "પશુ કેવી રીતે મદદરૂપ થઇ શકે" વિષય ઉપર માહિતી આપી હતી અને રાસાયણિક ખાતર ન વાપરવાનું સુચન કરેલ હતું. તાલીમના અંતમાં ખેડૂત બહેનો વધુ માહિતગાર અને પ્રોત્સાહિત થાય તેના માટે "કિચન ગાર્ડન" પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સીટીના અનુભવ બ્રાન્ડના વિવિધ શાકભાજીના બિયારણ પણ આપવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં ૬૨ જેટલી ખેડૂત બહેનોએ હર્ષભેર ભાગ લીધેલ હતો.




